અથ શ્રી પ્રીતમદાસ કૃત

સરસ ગીતા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બુકસેલર ભગવાનદાસ દેવસીભાઇ
ઠક્કર.
મુ૦ નીગાળા સ્ટેશન.

આવૃત્તી ૧ પ્રત ૨૦૦૦
સં. ૧૯૫૦ સ. ૧૮૯૪

અમદાવાદ
"ત્રિભુવન" પ્રીન્ટીંગ પ્રેસ.

કિંમત ચાર આના.

શ્રીગણેશાયનમઃ

અથ શ્રી પ્રીતમદાસકૃત સરસ ગીતા લીખ્યતે.

રાગ ચલતી.

ગુરૂનુ ધ્યાન ધરી, હરી ગુણ ગાયશું:
પ્રીતે ભક્ત પ્રેમની કથા, પ્રેમીને પાયશુ. ૧
આગે જન એક થયા, વાણી વિસ્તાર છે:
લીલારસ સિંધુ ગહા, અનંત અપાર છે. ૨
ઝીલ્યાં જંત મુક્ત થઈ, અમે અભિલાષમાં;
તેણે રસ પુરણ પીધ, છક્યા તેની છાકમાં. ૩
યથા મતિ જેવી જેની, તેવી તે ઓચર્યા;
ભજ્યા જે ભક્તિ ભાવે, તેવા નીશ્ચે કર્યા. ૪

ઓધવના માન માટે, વિચાર્યું શ્રી કૃષ્નજી;
એને વ્રજ મોકલ્યું વેગે, પોતે કરયું પ્રશ્નજી; ૫
માતાને પૂત્ર પ્રિયે, પુઠે ફરે ન્યારવા;
ઉપાય અનેક કરે, રોગને ટાળવા. ૬
એવા જન હરીને વહાલા, જાણવે જોઇને;
જરા અભિમાન આવે, નાંખે વિષ ધોઇને. ૭
ઓધવ એક અમારી, ચિત ધરો વાતડી,
વંદ્રાવન રાસ રમ્યા, સરદની રાતડી. ૮
તેતો સુખ સાંભરે મુને, તમને શું કહું,
જાણુ તે વ્રજની નારી; ૯
મન સમજી રહું, ગોપિજગ આત્મ મારો,
નિષ દીન નવ વિસરે, મુજને નગાવા માટે;
સહુ સુના કરે. ૧૦
તેને જ્ઞાન કરી, ઘણું સમજાવજો,
સહુના સંદેહ ટળે, એવું કરી આવજો; ૧૧
મારાં માતતાત કહીએ, જસોદા નંદજી,
તેણે બહુ લાડ લડાવીયાં, અતી આનંદજી, ૧૨
વ્રજ જન સહું સ્નેહી, ચિતમાં ચાહે છે;

અમોને દીના આવ્યા ખુશી તે થાયછે, ૧૩
આવ્યા અમો અવસ્ય કરી, ફરી ગયા નહીં;
વિયોગે પીડા પામો, સુંખ આગો જહી, ૧૪
મુગટ કુંડલ માળા, આભુષણ અંગનાં;
નિજ રથ બેસવા આપ્યો, ચેન શ્રી રંગનાં,૧૫

સાખી.

ઓધવને આપી આજ્ઞા, વેગે કરયો વૃજ પ્રવેશ;
પ્રેમ સ્નેહી સૂંદરી, તેને જઈ આપ્યો ઉપદેશ,
તમો સરવ જ્ઞાન સધીદ છો; જ્ઞાનવાણુ પ્રમાણ;
પ્રમોદો વૃજ જોષીતા, ઓધવ ચતુર સુંજાણ,૧
ઓધવે આજ્ઞા માગી, રથે બેઠા જઈ;
વેગે વૃજ પંથે પળ્યા, જોવાની ઈચ્છા થઈ. ૨
સન્યા સમે સુરભી સંગે,સુખે ત્યાં આવીઆ;
જસોદાએ દીઠા જયારે, ભલાં મન ભાવીઆ, ૩
નંદજીએ ભેટયા ભાવે, આસન આપીઆં
દયા દીન કરી જાણી, દૂખડાં કાપીઆં. ૪
શંકરશણુ શામ સુખી, તેતો હવે શું કરે;
ઉગ્રસેન આદે જાદવ કેવા આનંદ ધરે, ૫

ઓધવ કહે સરવે સુખી, તમ પ્રતાપથી;
જેમ ગજ વૃંદ નાસે સીંહના નાદથી. ૬
એમ દુઃખ દીરધ નાઠાં, દીઠા હલધીર હરી;
મધુપુર નારી નર, સુખે શોભા ધરી, ૭
નંદ આનંદ પામ્યા, સુજશ સાંભળી;
એતો જેને બેટ્યા ભાવે, તેની વેળા વળી. ૮
રૂડી રસોઇ કીધી, જસોદાએ જુક્ત શું;
ભાવે નિશા ભોજન કરયા, શાકર દુધ શું, ૯
પ્રેમ પલંગ બીછાવ્યો, બેઠાં બીડાં કરે;
અન્યો અન્ય ઓાવધ, નંદ લઇ મુખમાં ધરે, ૧૦
જશોદા પુછે પ્રીતે, ખગર શું લાલની;
નંદવની જાુકની શું જાણું, ગતી ગોપાલની; ૧૧
સ્વરૂપની કાથી, દરશની સેવકી;
અતી બડભાગી કહીએ, વાસુદેવ દેવકી. ૧૨
એના અટપટી લક્ષણ, બાળપણે બહુ;
તે તે વૃજ સરવે સાંભ્યું, હેતે હશીયાં સહુ. ૧૩
અમો પુત્ર ભાવે બાળ્યો, ઓાઢણું ઓાઢતાં;
પ્રિતે પયિઆને કરી, પારણું પોઢતો. ૧૪

એણે સ્તન પાન કરી, મારી તે પુતનાં;
કર્મિકનાં પ્રાણ હર્યાં, કંશના દૂતનાં. ૧૫
શંકટાસુર અસુર એવો, આવ્યો મારણે,
અમો તો કંઈ ન જાણ્યું, પોઢાડ્યા પારણે. ૧૬
તેના પદ પ્રહારે કરી, પ્રાણ સેહેજમાં હર્યા;
તૃણાવર્ત આદિ દૈત્ય, પાપી મલે કર્યા. ૧૭
મેં ન ગર્ગાચાર્યે કહ્યું, તે તો સર્વે થયું;
માયાના આવરણ માટે, અમારૂં કંઈ ન ભળ્યું. ૧૮
એક વાર નેત્રે નીરખું, કૃષ્ણ રામને;
કહિએમ કર્યાં રુદન, ગોકુલ ગામને. ૧૯
એમ કહી આશા ભરી, આંસુડાં આવીયાં
અમો તપ ઓછાં કીધાં, પાછાં ફળ પાવીઆં. ૨૦
ઓધવ કહે એમ ન કીજે, તમો તો જાણ છો;
એતો હરી અંતરજામી; તેહનાં પ્રાણ છો; ૨૧
તમારાં ભાગ્ય ભલાં, પુન્યનો પાર નહીં;
તમે તો નેણે નીરખી, લીલા અવતારની. ૨૨

સાખી.

પરસ્પર ગોષ્ટી કરી, ઓધવને ઠરાય;

હરીના ગુણ સંભારીને, પરમમોદીત મન થાય.
કૃસ્ન કથા આનંદમય સુધા સિંધુ રસ શીર;
પ્રેમ પુનિત જે પામશે, કિ્પા કૃસ્નજ ઉવ ધીર.

વિશ્રામ.

સુક્ષમ રજની રહી, વિતી ગઇ વાતમાં;
જાગી સહુ જુક્તીજન, મન પ્રભુ નાથમાં. ૧
મહી વલોવા લાગી સરવે સુદરી;
ગોપી ગુણ ગાન કરે રસ ભાવે ભરી. ૨
રાગ સોરંગી કરી, ભેરવી ભાસમાં;
કોકીલા કંઠ સુંદર, પુંરે અભિલાષમાં. ૩
ઉંચે સ્વરે ઉચરે એવું, આનંદે ગાઇને;
અહો કૃષ્ન બાલ સ્નેહી, કેમ ગયા વહીને. ૪
નઉતમ નાદ તણી, શબ્દ ધુંન થાયછે.
ઓધવ આનંદ પામ્યા, જમુંનાં જાયછે. ૫
આવીઆ રતી તનયા તીરે, સુખ પામા ઘણું.
તનમન રંજન કરી, ધ્યાન ધરી હરી તણું. ૬
સખી એક સનદ થકી, બારણે નીસરી;
રથ નંદ દ્વારે દીઠો, જોયું જુકતે કરી. ૭

અક્રૂર આવ્યા હતા, આવે રથ લઈને;
સુખ સમસ્ત મટયું, ગયા દુઃખ દઈને. ૮
રથ શા અરથે આવ્યો, વળી શું વિસરયું;
જીવન પ્રાણ જાતો, પછી શું ઉગરયુ. ૯
અન્યો અન્ય વાત જાણી, આવી સહુ સુંદરી;
પ્રીતે જશોદાને પુછે, આવ્યા શું શ્રી હરી. ૧૦
એટલે ઓધવ આવ્યા જમુના નાઈને;
હરીના જન જાણી, નમયા ચરણે ધાઈને. ૧૧
જેવા જુગદીશ કહીએ, એવાં જન એહેનાં;
રૂપગુણ વરણ એવાં, શોભા વઈહેના. ૧૨
મુસ્તક મૂકુટ શોહીએ; તેજ ઘણું તે તણું;
તીલક કેશર કેરૂ, સુંદર સોહામણું. ૧૩
જગમગ જલકી રહયા; કૂંડલ કાનમાં;
નેત્રદલ કમળ જેવાં, લાગી પલ ધ્યાનમાં, ૧૪
પ્રફુલીત મુખ, શરદ કેરા શશી;
નીરંતર એક હરી, રહયો હદયે વસી. ૧૫
ઉર અંતર શોપે; માળા મુકતા તણી;
પીતાંબર અંગ ધરયા; શોભા દીસે ઘણી, ૧૬

મુને ભલા ભુપાળુ ધરયા ઠાકર રાજ છે;
જોઇ પદ જુગલ છબી, મનમથ લાજે છે. ૧૭
ગોપી ભલે આવ્યો, સખા છો શામના;
લોક બહુ લોઠ કહીએ, ગોકુલ ગામના. ૧૮
મુખે તો મીઠું બોલે, મેલ ઘણો મનમાં;
જુઓ પ્રેમ સંગ કરયો, મેલ્યા મહાવનમાં. ૧૯

સાખી.

[illegible] મુકુ ઓધો ગોપીઆ, નીશાનો ગમી એક,
મહારાજે મુને મોકલ્યો, દેવા જ્ઞાન બીવેક;
શોક ન કરશો સુંદરી, પ્રભુ સદા તમ પાસ.
ઘડતી ભાવને પરહરો રાખો દૃઢ વિસ્વાસ;

વિશ્રામ.

મને શ્રી કૃસ્ન કહેયું, કહેયું તે કામની;
શાંતી મને મનની ભાગો, ભજો હરી શામની. ૧
હરીના હેતુ છો તમે; સહુ તારણી
[illegible] જ્ઞાન મહા, તજો વિસ વારુણી. ૨
ઉઅઉદ્ધ જેવો આ સંસાર છે;
તેમાં [illegible] જીવ જ મેલ્યું; સમજણ સાર છે. ૩

જે જને તન તપાવ્યું, સંદેહ તેના ટળ્યા;
પ્રણવ ધ્યાન ધરી, ભાવે હરીમાં ભળ્યા. ૪
નિરજંન તેને જાણો. તેનો ઘટમાં વસો;
એકદ્રષ્ટે જોશો જ્યારે, ત્યારે કુભાવ જશો. ૫
ભિન્ન ભાવ ભાંગશે જ્યારે, અહમને બાળશો;
આત્મા અખંડ એવો, નીરંતર ન્યાળશો. ૬
મોટા મુની જોગ સાધે, એહને પામવા;
દેહનું દમન કરે, ભવ દુઃખ વામવા ૭
સંસાર સુખભોગ ત્યાગે શાન્ત તપ આચરી;
સુખ સંપદ્ધી મેલી, શીહને નીસરે ૮
જેને વૈરાગ્ય વાધ્યો, સહુ મુકી ગયા;
ગ્રહ અને કુપ તજી, જઈ વનમાં રહ્યા. ૯
સારાં મોટા રાજ તજી, ગયા તપ સાધવા;
શીવ સ્મશાન સેવે. એને આરાધવા ૧૦
સેઠ અટારી આદિ, જઈ વનમાં વસી;
આત્મનું સાધન કરે. પ્રગટે મહા દશા. ૧૧
માયાનો સંગ મુકી, મળ્યા તે મહા વને;
ભાવે હરીને ભેટ્યા, ભુલ્યા દેહ ભાવને. ૧૨

એવો ઉપદેશ અમારો, માનશો માનુની;
ત્યારે તન માંહી થશે, ભાળ ભગવાનની. ૧૩
પડમાં પ્રગટ થાશે, ભ્રાંતી સહુ ભાગશે.
નિજ સ્વરૂપ થાશે સાથે. જ્યારે લેક લાગશે. ૧૪
અજંપા જાપ થાઈ જૂઓ તે સાખીને,
હર્ષને શોક સરવે. દીયો ઉર નાંખીને, ૧૫

સાખી.

નિજ સ્વરૂપ જ્યારે જડે થાય કલ્પના નાશ;
જેને હિડો ખોલતાં, તે પોતાને પાસ.
ઓધવ કહે સહું સાંભળો, ચતુરા ચતુર સુંજાણ;
પતિત ન આવે પ્રેમમાં, તો પુછો વેદ પુરાણ.

વિશ્રામ.

પછી વ્રજ બાળા બોલે રીસ અમને ચડે;
અમે તો જુવતી જન, એવુ કેમ આવડે ૧
તમે જે જોગ કહયો. તમારા કામનો;
અમારો પેડો ન્યારો ગોકુળ ગામનો. ૨
અરજ એક અમારી, ઓધવ સાંભળો;
અમારા મનમાં વસ્યો, સુંદર શામળો.

અમે તો નીલાજ્યો નટવર નાથને.
એણે તો મોહની લગાડી, સહુ વ્રજ સાથને, ૪
ધુતારામાં ધુત વડો, મુખે શું વખાણીએ;
એવાં અનેક ચરિત્ર, અમો સહુ જાણીએ. ૫
જસોદા મારવા લાગે, ક્રોધ કરી ઘણો;
ત્યારે નાશીને આવે, ભુવન અમ તણો, ૬
કહેશો કોઈ રાખશો મુને, મુખે એવુ ભણે
એને તો ઘરમાં ઘાલી, અમો રેતાં બારણે. ૭
ભુવન ભીતર પેશી, ઉદ્યમ એવા કરે;
મહીના માટ ફોડી માંખણ મુખમાં ધરે, ૮
અમે જ્યારે આવીએ પાસે, નાશીને નીસરે
એણે એવાં કામ કર્યાં, કહો કેમ વિસરે. ૯
વચ્છનાં પુચ્છ ગ્રહી, ઉડાડે આમળી.
બળે બાળક જગાડે. ધોચે અંગ આંગળી. ૧૦
એને ડરે ઉચ્યું કોઈ, મુકીએ સહુ સખી;
મન ખલ ઉપર ચડી, પાડે ત્યાં થકી. ૧૧
એક વાર એમ વિચાર્યુ, બાંધુ કર સાઇને;
લઇને જઇ દેખાડુ, જસોદા માઇને. ૧૨

એક માખણ ખાતાં, સખા ગોવિંદનો;
હવે ક્યાં નાશી જાશો, કહ્યું કરમ ખોટો. ૧૩
તાણી બે હાથ બાંધ્યા, ખાંભી સાથે કરી;
ઉપર ચીર ઓઢાડ્યું, વીંટી હરખે ભરી. ૧૪
નંદ રાણી માનતાં નહોતાં, જુઓ આ બાળને
ભુવનમાં માખણ ખાતાં, બાંધ્યા ગોપાળને. ૧૫
ઉપરથી અળગું કીધું અંબર આવરણ ઓઢ્યા તણું
જુવે ત્યાં બાળ પોતાનું, હરખ પામી ઘણું. ૧૬
નેહે નંદ ભુવનમાંથી, દીન હરી આવતા;
જોતામાં જુદી પડી, સુંદરી સર્વથા. ૧૭
શ્રમથી આજ ચડાવો, શા માટે સુંદરી;
જુવતીનું જોર ન ચાલે, હુંને હસ્યા હરી. ૧૮
એવા હરી આનંદ રૂપી, અહો જે ક્રીડા;
બીજા અનેક ઉપાય, લાગે કેમ મીઠડા. ૧૯
જે જે સુખ અમને આપ્યાં, દુર્લભ તે દેવને;
બીજું શું ધ્યાન ધરીએ, તજી અન્ય સેવને. ૨૦

સાખી.

પ્રગટ રૂપ નરસિંહ છબી, સુંદર વર ઘનશ્યામ;

તે શું મન આટકી રહ્યું, આણું ન લહે વિશ્વામ.
નાગર નવલ કીશોર શું, બાંધી પુરણ પ્રિત;
અવર વાત ભાવે નહીં, એવી અમારી રીત.

વિશ્રામ.

ઓધવ કહે અબળા તમે, એતો સાચું કહ્યું;
એ તો અકલ રૂપ, સહુ ઘટમાં રહ્યું. ૧
બોલે તે બીજો નહીં, તમમાં તેજ છે;
વિશ્વમાં વ્યાપી રહ્યો, અખંડીત એજ છે. ૨
તે તો ભરપુર ભર્યો, પંચ બ્રહ્માંડમાં;
જેમ રવી જુજવો દીસે, ભાસે બહુ ભાંડમાં. ૩
એક અનેક રૂપે, બહુ વીધી બોલતો;
વિવિધ વેશ ધરી, દીસે બહુ ડોલતો. ૪
ભિન્ન ભિન્ન ભુષણ બન્યાં. કુંદન એક છે
નામને રૂપ ન્યારાં, જોયામાં વિવેક છે. ૫
એક સુત્ર ભાસે જોતાં તેવા પટનંત છે;
સાગર અથાગનું, ડોલેરી અનંત છે. ૬
અવનિ એક રૂપે; બીજાં બહુ પાત્ર છે.
અળગું લોરટ કરે, સુનાં સહુ છે. ૭

જેમ કાંઈ શાકર કેરી, બહુ મીઠાઈ કરે
સર્વે સાકર જાણો, બીજું નવ નીસરે, ૮
સુરભી સ્વરૂપ ઘણાં; વર્ણ વિચિત્ર છે;
તેનું પય એક રંગે, પરમ પવીત્ર છે. ૯
એમ તમે આત્મા જાણો, અરૂપી એક છે
ઉત્તમને મધ્યમ, એ તો દીઠામાં દેહ છે,૧૦
કાષ્ટમાં અગ્ની દીસે, એમ અવિનાશ છે
કસ્તુરી મૃગમાં વસે, જોતાં વનમાં ફરે; ૧૧
પ્રેમ પાસેથી આવે, ભુલે ભટકી મરે.
એમ સકળ સંસારમાં, વસે હરી ભરપુર।૧૨
જીવ દશા મટે નહીં, તેથી દેખે દુર.
યથા રથ જાણ્યા વિના, જીવ દશા નવ જાય;૧૩
ત્યાં લગી ઊપજે કલ્પના, અજ્ઞાને અથડાય
પછી વ્રજ ગોપી વદે, ઓધવ ચીત ધરો;૧૪
તમે તો એમ કહ્યું, હરી સંભરે ભર્યો
ત્યારે કોણ પીડા પામે, કોણ જન્મે મરે;૧૫
એ તો કાંઈ અચરત મોટું, સદેહ કેમ નીસરે
ત્યારે શું સુખ ન પામે, જીવ સંસારના શા માટે

દુખ પમાડે. ૧૬

પ્રાણીન ચારે ખાણુના વળી શ્રીક્રશ્નજેવા સનથી,
ખરેખરી વાત કરી, સોચ ન મેલે રતી. ૧૭

અમારે અવર બીજું, ચિન આવે નહીં;
સુંદર સ્વરૂપ વિના, મન ભાવે નહીં; ૧૮

સરોવર સરીતા, બહુ ભર્યો સઘળે સિંધુ;
ચાત્રુક ચાંચ ન બોળે, પિએ પડતુ બિંદુ. ૧૯

સાગરમાં દ્વીપ રહે, વડી એકાંત શું;
જરા જળ લેહે નહીં, પ્રીત રસ સ્વાપ્તશું,૨૦

જળ વિના દાદુર જીવે, મીન તો જાએ મરી;
પ્રાણ ગએ પ્રિત ન છુટે, ટેક તેની ખરી. ૨૧

એવી છે ટેક અમારે • અબળા સાથને;
તનમન સરવે સોંપ્યું, નટવર નાથને. ૨૨

પ્રીતની રીત છે ન્યારી, નથી તે પુરાણમાં;
પ્રીછે કોઇ પ્રેમી જન, વસ્યો રસ બાણમાં. ૨૩

અમો તો વિયોગે કરી, રહુ સુનાં ફરીએ;
મન તો મોહન પાસે, સાધન શું કરીએ. ૨૪

હતું મન એક અમારે, તે તો હરીએ હરયુ;
ગયું રસ રૂપ માંહી, પુનિ નવ આ સરયું. ૨૫
ઓધવજી પ્રેમની પીડા, હશે તે જાણશે;
વિત્યા વિના વેદ કોઇ, કેમ પ્રમાણશે. ૨૬

સાખી.

ઓધવ અમો દુઃખીઆં થયાં, દીધો છબીલે છેહ;
પહેલી પ્રીત વધારીને, પછી પરહર્યા તેહ.
વીશ્વાસીને વાઇને, ઘાત કરે કો કોણ;
વળી વચન એવું કહાવીયું, દાઝયા ઉપર લુણ.

વિશ્રામ.

ઓધવ આવડું અમો પ્રથમ નવ લહ્યું;
કેને કૈયે મુખમાં દાઝયાં, મન સમજી રહ્યું. ૧
અમે લોક લાજ તજી, ભાવે એને ભજ્યાં;
તોય તરછોડી નાંખ્યાં, તુચ્છ કરી તજ્યાં.
હવે હરી સીદને આવે, સગપણ સરયુ;

મધુપુર રાજ મળ્યું, વ્રજ વેરી થયું.
વળી વિશેકે મળી, કંશ દાસી કુબજ્ઞ;
તેનો સંગ કર્યો, ભલા જુગમાં ભજ્યા.
નવા નવા ખ્યાલ કરી, વ્રજમાં ખેલતા;
અધ ક્ષણ અબળા કેરો, સંગ ન મેલતા,
એક સમે ઝીલવા બેઠા, હરી હેરે પડયા;
ચતુરનાા ચીર ચોરી, કદમે જઇ ચડયા.

જોયું જ્યારે જુવતી જને, દીઠા દીનાનાથને.
મનમાં લજા આવી, સહુ સખી સાથને.
હસી હરી બોલ્યા એવું આવ્યો દાવ અમ તણો;
કેમ તમે નગ્ન નાયાં દોષ ઉપજે ઘણો.

વરૂણ નરૂગુ તણી, મરજાદા નવ ગણી;
માટે અપરાધ પડયો, અનીની એ ઘણી,
તમે સહુ જુંવતી જન, જળથી નીસરો;
રવીની સામા રહી સત પ્રણામ કરો,
પછી પટકુળ આપુ, પેરીને પરવરો
વનીતાએ મન વિચાર્યું, કૃષ્ન કહે તે કરો.

મનમાં લજ્જા ધરી, નારી સહુ નીસરી;
સત પ્રણામ કરી, સૂર્ય સામાં સુંદરી.
પછી સૌને અંબર આપ્યાં, અબળાએ અંગ ધર્યાં
એનાં ચરિત્ર એવાં, કહો કેવાં કર્યાં.

સાખી.

અનેક ચરિત્ર એવાં કર્યાં; કોઈ ન પામે પાર;
ગોકુલમાં લીલા કરી, તીન બાવન વરસ અગીર
વિવિધ વિઘ્નથી ઉગારીયા, વ્રજજન બહુવીર:
જે જે અસુર આવીયો, તેનો કર્યો સંહાર.

વિશ્રામ.

જમલા અરજુન હતા, નંદના ચોકમાં,
તેનો ઉધ્ધાર કર્યો, ગયો સુર લોકમાં.
અધાસુર અસુર એવો, છાનો છુપી રહયા:
મારગમાં મુખ વકાસી, સરવને ગળી ગયા;
પછી શ્રી કૃષ્ણે તેને સારી શીક્ષા કરી;
સુખે સુર લોક ગયો, ન આવ્યો પાછો ફરી.
બગાસુર આવી બેઠો, કેયે સતે મંદને;
જીવન જળ પીવા ગયા, ગળ્યા ગોવીંદને,

ઉદરમાં અગ્ની ઉડી. કેમ રાખી શકે;
ચંચ ગહી ચીરી નાંખ્યો, પડ્યો પ્રથવી વિષે
વછાસૂર વૃશભ થઇને, આવ્યો કપટે કરી;
તેને પગ સાઇ પછાડ્યો. મુંઠ ગયો મરી.
એક સમે ધેન ચરાવે, જમના તીરમાં;
ભાવે હરી ભોજન કરે, સહુ આહીરમાં.
એવે સમે આજ આવ્યા, અંતરીક્ષથી ઉભા રહ્યા
જોઇને વિસ્મે પામ્યા. તેતો દેખી રહ્યા.
વિરંચીએ મન વિચારયું વછ હવડે હરૂં;
પછી પ્રભુ તાઇ લેવા, સંદેહ ખોટો કરૂ
માયાનો પડદો નાંખી. કોગોપ કર્યા ગઉ.
આતુરમાં જોવા આવ્યા, હરીના સખા સહુ-
બેસો વ્રજ બાલા સહું, એવું બોલ્યા હરી;
મંડળીની જુકતી આવી, પાછી ન આવે ફરી
એમ કહી ચોપે ચાલ્યા, કર ગેડે ગ્રહી;
જોયાં બહુ જુંકતે કરી, વચ્છ દીઠાં નહીં.
જ્યારે વછ નજરે ન આવ્યાં. પ્રભુ પાછા ફરયા;
માયા પટ ઉપર નાંખી, પાછાં પેદા કર્યાં.

વછને ગ્વાલ સહુ, રૂપ તેવાં ધર્યાં;
જે દેખી સૌ મન .ર્યાં
એમ ખટ માસ વિત્યા બ્રહ્માએ ભાળીયું.
ચત્રભુજ ગ્વાલ સહુ, એવું જ્યારે ન્યાલીયું.
અજ આવી પાપ પડ્યાં, નેહ નંદલાલને;
અમે તો સામર્થ નથી, જોવા તત ખ્યાલને.
અમે અભિમાન એવાં, તમને નવ લહ્યા;
હવે હરી ક્ષમા કરો, જેજે અવનીમાં થયા.
નમે તો કરૂણા સિંધુ, કીપા કીજે મને;
કર જોડાવીને કરી, બહુ ચતુરાનને.
પછી પ્રભુ પ્રસન થયા, સંદેહ સર્વ પરહર્યો;
અજનીજ ધામ જાઓ, સુખે સૃષ્ટિ કરો.
પછી ગુણ ગાન કરી, રૂપ હૃદય ધરી;
બ્રહ્મા બ્રહ્મ સદન ગયા, ચિત ચેત્યા હરી.
એવા કૃસ્ન કરૂણા સિંધું, અમો જે જાણીએ;
કહો કેમ અવર બીજુ, ચિતમાં આણીએ.

સાખી.

ચિત્ત વિત ચોરયું અમતણું, આપ્યું સુખ અપાર;

નિત્ય નૌતમ લીલા કરી, વ્રજમાં નંદ કુમાર.
કમળ નેન શ્રીકૃસ્નજી, કોટી કામ છબી અંગ;
વિસાર્યા કેમ વિસરે, હ્રદને લાગ્યો રંગ.

વિશ્રામ.

પછી વ્રજવાસી સહુ, ઇંદ્ર ઓછવ કરે;
મનમાં મળવા કેરી, સહુ સંકા ધરે.
ઘરડા ગોપ આવીઆ, નંદને બારણે;
સહુ સામગ્રી લાવ્યા, પ્રભુને કારણે.
પ્રભુ નંદ પાસે આવ્યા, પુછે બહુ પ્રીતશું;
કેની તમે પુજા કરો, આવી રૂડી રીતશું.
નંદ કહે ઇંદ્ર કેરી, સહુ સેવા કરે;
એનો પેર્યો પ્રજન આવે, સુખે સુરભી ચરે.
પછી શ્રીકૃસ્ન કહે, સાંભળો તાતજી;
સુરપતિ શું કરશે, અમારે હાથજી.
•સદા સમીપ રહે, સંકટ કાપશે;
ચાલો ગીરી પાછળ જાઇએ, ઇચ્છા ફળ આપશે.
વ્રજ જને વાત માની, કૃસ્ન કહે તે ખરી;

સહુ ગીરી પાછળ ગયાં, પ્રેમે પુજા કરી.
અન્નનો કોટ કર્યો, સર્વે રીધિ આણીને;
પ્રવતે રૂપ પ્રકાસ્યું, જીવન જાણીને.
ઉપર સ્વરૂપ થયું, અષ્ટ ભુજા તણું.
વ્રજ જને દરશન કરયું, સુખ પામ્યા ઘણું.
સેશ્ર ભુજ સાથે કાઢયા, આરોગ્યા અન્નને;
પછી પ્રસાદ આપ્યો સહુ વ્રજ જનને,
ગીરી પુજી ઘેર વળ્યાં, ઉલટ અતી ઘણો;
સુરપતિએ વાત જાણી; ઓછવ ભાગ્યો આપણો.
બારે ત્યાં મેઘ બોલાવી, ઈંદ્રે આગ્ના કરી;
જાઓ જળ વૃષ્ઠિ કરો, વ્રજપર આદરી,
ગગન ઘટા થઈ, ઘન ફેરી ગરજના;
વ્યાકુળ લોક થયાં, સહુ કોઈ વ્રજનાં.
હસ્તી સમાન, પડે મોટા બહુ
ધાઈ પ્રભુ પાસે આવ્યાં, વ્રજવાસી સહુ.
આ તે હરી શું થયુ, ઇંદ્ર કોપ્યો સહી;
અતિ બહુ વૃષ્ટી થાયે, જળનો પાર નહી.
ગોપનાં વચન સુણી, વળતા વહાલો વદે;

એનું અભી ભાવે ભરયા, એવી બહુ સ્તુતી કરી.
હ્રદયે રીઝયા હરી.
તેને અભેદાન આપ્યું, બહુ કુર કરૂણા કરી.
પછી તેને આજ્ઞા આપી, મુખે એવું ભણે
હવે જા જમુના થકી બેટ સાગર તણે.
ગરૂડનો ભે નીવારયો, જા હવે નહીં નડે;
નાગરને નરભે કરયો, ચરણ પ્રતાપ વડે.
પછી પરીવાર લઈ, પનંગ પાથરયો;
જમુંના જળ નીર્મળ કર્યા, ત્યાંથી નાગ નીસર્યો.
પ્રાણી આનંદ પામ્યાં, નીરખ્યા નાથને;
આવી હરી ભાવે ભેટયા અબળા સાથને
અતિ બળ અકળ એવા; હ્રદયે વસ્યા;
કહો કેમ ગોઠે બીજૂં, અવર ઉપાય કશા.

સાખી.

અવર ન ગોઠે ચિતમાં, જો કરો કોટી ઉપાય.
હ્રદયા કમળમાં વસી રહયો, સદા વશીક વરરાય
નંદ નંદ શુ નેહ અતિ નિમખનં વિસરે તેહ,
નેન ચકોર વર સુંદરી, ચંદ ચતુર વર એહ.

વિશ્રામ.

ઓધવજી ચિત અમારૂ, એણે તો ચોરીયું.
એના સ્વરૂપ વિના, બીજું નવ ગોઠીયું.
એક સમે સુરભી જોવા નંદજી નીસરયા;
રસીયે રૂદન કરયુ; પુઠે તે પરવરયા.
આનંદે વ્રજમાં આવ્યા, શોભા દીસે ઘણી;
ત્યાં વ્રશુભાન સુંતા, આવ્યા એ વન ભણી.
નંદજી પાસે દીઠો, કુંવર કોટામણો;
અંગરંગ અનંગ છબી, સાગર શોભાતણો.
રસસબ રીઝીયાં, અન્યો અન્ય જોઇને;
ગુણ લક્ષણ પુરાં, હરયા મન મોહીને.
એવે થઈ નભમાં ઘટા, ચમકે દામની;
નંદજીએ પાસે બોલાવી ભાવે કરી ભામની,
લાડીલી જાઓ તમો, લાલને લઇને;
અમારે જીવન સોંપો શામ સ્નેહીને,
તમ સુત તેરી જોડ, આનંદ શું અમો;
સંદેહ તમે શીદને રાખો, સુખે જાઓ તમો.
હરીને હાથ ગરહી, લીડી ગજ ગામની;

મનમાં ભાવ ધરયો, ભેટવાનો ભામની,
અલૌકીક વૃજ આવી, ફુલ્યાં તરૂ તે ઘણું;
પ્રભુજીએ રૂપ પ્રકાસ્યું; પ્રેમે પોતાતણું.
અબળા આનંદ પામી, જય ચરણે નમી;
મનોરથ મનના થયા, સામા સૂખમાં રમી,
એવી લીલા અકળ એની, તારૂણી એતે લહી;
સુંર સરવે જે જે બોલે, કુસમ વૃષ્ટી કરી,
એવું સૂખ અમને આપ્યું, કહો કેને હશે;
તેતો હરી જોશું જ્યારે, સુખ ત્યારે થશે.

સાખી.

સૂખ શાતા ત્યારે થશે, જ્યારે જોશું નાથ;
અમો સહુ સુંનાં ફરીએ, પ્રાણ પ્રભુની પાસ.
ઓધવ એ તમે જાણશો, કેમ જીવે
જુંવતી જન એહ,
આવ્યાની આશા કરી, રહયા અમારા દેહ,

વિશ્રામ.

એના બહુ બાળ ચારીત્ર, સહુ ચતુરા વહે;
બીજા એને અકળ કયાંર, સહુ મોટા કહે.

વ્રજ વીચીત્ર લીલા. જીવને જે કરી;
તેતો અમો અબળા જાણ્યું, રહયા રદયે ધરી.
નીત નીત નવલ નેહે, આંગણીએ આવતા;
મનોહર મોરલી વાળા, ભીતર ભાવતા,
સંગા સમે સાદ દેતા, સુરભી દોઇને;
વેણામાં વાટ જોતાં, વલોણા વલોઇને,
શાકર માખણ રાખી, આરોગવા આવત,;
સાસુડી નણંદી આદે, સહું સતાલતાં,
હરીજન લોક લવે સહુ તે સાંખતાં;
મનમાં સમજી રહેતાં, મુખે નવ દાખતાં.
મહી વેચવાને સમે, વેગે વનમાં જતાં;
વાલાનું વદન જોતાં, મન વ્યાકુળ થતાં.
દધીનું દાણ લેવા, મારગમાં રોકતા;
રસની રેલ રચે, વાલો વ્રજ જોખતાં.
ગોપીનું ગોરસ પીવા, પ્રપચ આદરે;
માનનીનું મુખ જોવા, ઘુંઘટ પરા કરે.
અરે તારી સુરત સારી, ગોરસ મીઠું હશે;
અમને પાશો જ્યારે, કારજ ત્યારે થશે.

કોઇને કંઠે હાર આરોપે, કુસમના કરી;
નેણુ કટાક્ષે કરી, માંહ્ય મન લીયે હરી.
પછી નારીઓ પ્રસન થઇ, દધી પાય પ્રીતશું
હાસ્યયવિનોદક થાય, એવી રસ રીતશું.
અમને લાડ લડાવીઆં, આનંદના ઓઘમાં;
કહો કેમ તૃપ્તિ થાયે. તમારા જોગમાં.

સાખી.

જોગ જુગત્ય જોગી કરે, જેણે મન વશ થાય;
મોહનશું મન મળી રહયું, જોગ કયાં કેમ જાય
અમે રૂપ નિશ્ચે કરયું, એ રૂપ નાવે ચિત;
દીઠુ તે દીલમાં વસ્યું, અણુ દીઠે શું પ્રિત.

વિશ્રામ.

એક સમે ધેન ચરાવે,. કૃશ્ન વલભ્રાતજી;
જમુના તીરે આવ્યાં, ત્યાં સહુ સાથજી;
તરૂ તણી શીતળ છાંયા, સુંદર સોહામણી;
કૃશ્ન બળદેવ બેઠા, ત્રટ જમુના તણી.
હરી મુંખે બોલ્યા એવું; ભોજન ઇછા થઇ
મુનીના યગ્નમાંથી, અન લાવો જઇ,

આપણું નામ લેજો ઘણું અન આપશે;
તમારાં વચન તેતો, સ્થિર કરી થાપશે,
એવી હરીએ આજ્ઞા કરી સખા સહુ પરવરયા
વેદ ધુન વિપ્ર કરે, આવી ત્યાં ઉભા રહ્યા.
અમને અન સારૂ, મોહને મોકલ્યા;
કૃશ્ન બળદેવ તે તો, જમુના ઉભલા.
સાંભળી સરવે બીજા, અમને એ નહીં ગમે;
તમે તો સહું સૌને, આવ્યા આણે સમે.
હજી દ્વિજ જમ્યા નથી સહુ ટોળે મળી;
તમને અન ક્યાંથી, જાઓ પાછા વળી;
વાડવના વચન સુણી; ગોપ પાછા વળીયા.
આવ્યા શ્રી કૃશ્ન પાસે, મન રીસે બળ્યા.
કૃશ્ન કહે રીસ શાની, જ્યારે જાવું જાચવા;
સહુંના શબ્દ શુણી, હદયામાં રાખવા.
જાઓ રૂષિ પત્ની પાસે; આપણુને ઓળખે;
તે તો અન આપે સહી, નહીં રાખી શકે.
સખો એક ચોપે ચાલ્યો; જઇ સંભળાવીયું
જીવને જમૂના તીરે, અન મગાવીયું.

અબળા ઉઠી ધાઈ, સરવે સુંદરી;
લીધાં શાક પાક બહુ. સહું ભોજન ભરી,
જુવતી જાતાં જાણી. કંથ આડો ફરયો;
કેમ નંદ ગોવાળ સાથે, નેહ નવો કર્યો.
પ્રથમ પરણી કેને વાત સાચી કહે;
નિશ્ચે તુંને નહીં જાવા દઉં અહીંઆં ઉભી રહે.
વિશ્નુને લાત મારી, એવા મોટા અમો;
એવું કુળ ઉંચું અમારૂં, તેને તજશો તમો.
અબળા કહે ઉંચ પણું ગણું જે દેહ તણું;
પછી તે અધમ થઈ, દુઃખ પામે ઘણું.
ભ્રુગુજીએ લાત મારી, બલપણ શું થયું;
તમને ભીખ મગાવી, હરીનું શું ગયું.
માટે અભિમાન મુકો, સ્વામિ શરીરનું;
દરશન કરવા દીજે, મને જદુવિરનું.
પતિને પ્રાણ જોડી, પાય પડે પ્રેમદા;
પિયુજી વિકલ્પ મુકો, મને થાય આપદા.
માનુનીએ મન વિચારયું, હવે કેમ કીજીએ;
પ્રભુજી પ્રાણ અમારા તાણીને લીજીએ.

એમ કહી હસ્ત આપ્યો, પતિના હાથમાં;
તતનો ત્યાગ કરી; ગઈ સખી સાથમાં.
સરવે પહેલી પોતી પ્રભુ પાસે ગઇ;
હરીને હાથે જમાડે, બીજી વિસમે થઈ.
સુંદરી સરવે થઈ, આપ્યું અન આણીને.
નેણુ ભરી નીહાળે, જીવન જાણીને.
ભાવે ભોજન કરાવ્યુ, પુ ણુ પ્રિતશું.
પ્રભુજી પ્રસન થયા, જોઇ રસ રીતશું.
પ્રેમદાનો પ્રેમ જોઈ, નેહ ઘણો નાથને;
અભય પદ હરીએ આપ્યું, અબળા સાથને;
તમ પતિત મને નમે, એહ અમને ગમ્યું;
ચતુરા ચિત તમારૂં, અમ ચરણે રમ્યું.
એવા હરી દયા સીંધુ, દયા કરે દાસને;
અમે તો વળગી રહ્યા, એના વિશ્વાસને.

સાખી.

વિસ્વાસે વળગી રહ્યાં, ઓધવ અમો નીરધાર;

એક દિવસ ન વિસરે, નિરમળ નંદ કુમાર.
અમો અબળાનો આધાર એ, ગોપીવર ગ્રંથ ગવાય.
નિર્મ નાતો નેહનો, તે તુટયો કેમ જાય.

વિશ્રામ.

ઓધવ એક સમે, વહાલો હતા વનમાં;
સરદની રજની રૂઠી, વિચારયું મનમાં.
મોહને મોરલી વાઇ, અતિ આનંદમાં;
વેદનું ગાન કરયું, છબીલે છંદમાં.

થંભ્યાં જળ જમુનાં કેરાં, સુક્યાં તરૂ ફુલીયાં;
ખગ મૃગમીન મહા, શુદ્ધ બુદ્ધ ભુલીયાં.
પ્રેમે પાષાણુ ગળ્યાં, પાણી થઇને વળ્યાં;
જંગમ જડ રૂપે, થાવર થઇ ચેપ્પાં.
એવી અલબેલે વહાલે, વાઇ જ્યારે વાંસળી;
સુંદરી સર્વે સુણી, સુધ તનની ટળી.
ઉલટાં અંગ ધર્યાં, આભુષણ ભામીની;
મત મન ભુલી ગોપિ, ગોકુળ ગામની.

અવળાં અંબર ઓઢયાં; ઉઠી ધાઈ ચોપમાં;
મનતો જઈ નીરખતું, સુંદર સ્વરૂપમાં.

પતિ પરિવાર તજી, નારી સહુ નીસરી;
સદન સામું ન જોયું, કોણે પાછું ફરી.

જુવતી જુથ મળી, ધસ મસ ધાયછે;
અને ક્રુર કંકણુ કેરા, શબ્દ બહુ થાયછે.

વંદ્રાવન વેગે આવી, સરવે સુંદરી;
નટવર નાગર હરી, નીહાળાં નેણુ ભરી,

સનમુખ શીશ નામી. ઉભી રહી,
અબળા પ્રત્યે એમ, વાલે વાણી કહી.

કહે કેમ અર્ધ નિશાએ, આવ્યાં સહુ સુંદરી;
માનુની મંદીર તજી, ધાયાં સચીત ધરી.

નૃપતિ પુછશે જ્યારે, કેશો શું કામની;
જુવતી જામ જુગ, વિતી ગઈ દામની.

પતિવૃતા ધર્મ પાળો, પોતાનો જે પ્રેમદા;
મારૂં કહ્યું માનુની માનો, સુખ થાશે સદા.

લાજ મરજાદા ન આણી, તમો કાંઈ તારૂણી;
વેદમાં વાત નંદી, પ્રિત પરનારી તણી.
વહાલાનાં વચન એવાં, શ્રવણે સાંભળી;
મનની ધીરજ મટી, સહુ મરણે જળી.
ગદ ગદ કંઠે ગોપી, એવું મુખ ઓચરી;
વિંધીયાં વચન બાણે, પીડા પુરી કરી.
પડશે દેહ અમારા પ્રાણ નિશ્ચે જશે;
રસીયા રાસ રમાડો, સુખ ત્યારે થશે.

સાખી.

વચન સુંણી વ્રજની નારીનાં, પ્રભુ થયા પ્રસન્ન;
રાસ રમાડું રંગમાં, તમને જુવતી જન.
પાસે તેડી તારૂણી, આપ્યું આદરમાન;
અધર મધુર મોરલી ધરી, કરયું રસીયે ગાન.

વિશ્રામ.

રસીયે રાસ રચ્યો રમવા રંગમાં;
વિવિધ વપુ ધરયા, વ્રજ બાંધુ સંગમાં.
એવી અદભુત લીલા, રચી ભુતલ વિષે;
ઇંદ્ર આકાશી થંભ્યો ચાલી તે નવ શકે.

સુખી સુખ સાગર માંહી, ઝીલી રસ મગ્ન થઇ;
એવે અભિમાન આવ્યું, અબળાને સહી.
માનુની મનમાં હતું તે તે હરયું હરી;
અંતરધ્યાન થયા, સંગે એક સુંદરી.
ગોપી સરવે વ્યાકુળ થઇ, નવ દીઠા નાથને;
અતિ દુઃખ પ્રગટ્યું રદે, અબળાં સાથને.
ધાઈ ધુન વેલ્યોને પુછે, કુસ્ન દીઠા કયાંહી;
મારા સમ મન ખોલી, બોલો સાચું કહી.
પ્રેમદા પાસે જઇ, પુછે મૃગ મોરને;
કહો હરી દીઠા તમો, દેખાડો અમને.
ચતુરા ચંદ પ્રત્યે, કહે પુછું તુજને;
હરી તે દીઠા હોયે, દેખાડો મુજને.
વનિતા વ્યાકુળ થઇ, સરવે સુંદરી;
વિપિને ધરે નહીં, ચડી આવી કરી.
જુવતીએ જોઈ કાઢયાં, પગલાં પ્રભુ તણાં;
આ જો સખી ચેન એનાં, જાયછે એ જણાં.
માનુનીને માન આવ્યું સહુથી અધીક અમો;
હરી શું આધું કીધું, માન મન ઉપજ્યો.

તારૂણીને તેડી ચાલ્યા, તરોવર આવીયું;
પ્રેમદાને પુષ્પ લેવા, એવું મન ભાવીયું.
તરોવર ડાલ્ય ગ્રેહી, તારૂણીએ તે પછી;
ત્યાં ટળ ટળતી મેલી, હરી ગયા પચ્છી.
રહી ત્યાં રૂદન કરે, મનમાં લાજતી;
અબળા સહુ ત્યાં, આવી પ્રેદાગતી.
તરોવર ડાલે દીઠી, અબળા એકલી;
જુવતી હસવા લાગી, પ્રીત તારે ભલી.
પછી ઉતારી તેને, પીડા તારે ટળી,
જમુના તીરે આવી, સહું ટોળે મળી.
મળી ઉપાય રચ્યો, પ્રભુ આવ્યા તણો.
પ્રીતે હરી પ્રગટ થાશે, સ્વરૂપ એવું બનો.
એક હરી વેશ ધરયા, છબી નદલાલ તણી
એક પુતના થઈ આવી, મથ્યા તેને હણી.
એક જસોદા થઈને બાંધ્યા હરી સાહને;
એક થઇ જમલા અર્જુન, તાર્યા તે ધાઇ
એક થઇ નટવર રૂપે, ગીરીવર ધારીયો;
એક મલ રૂપ થઈ કંશને મારીયો.

એવા અપાર ચરીત્ર કર્યાં રસ રીતશું;
એવું જોઈ હસ્યા હરી, પ્રગટ્યા પ્રીતશું;
સુંદરી સુખ પામી, જોઇ મુંખચંદને;
લોચન પ્રફુલીત અંબુજ, આપે આનંદને,
વેણુ ધરી અધુર ઉપર, કોટ કળા કામની;
પીતાંબર અંગ ધર્યાં; દીસે ઘન દામની,
મુગટ શીશ શોભે, સુંદર શોભા ઘણી;
કાને કુંડળ ઝળકે, જોર છબી તે તણી.
એવું સુંદર સ્વરૂપ, હરીનું અભી નવું;
સુખ બહુ તે સમાનું કેમ જાય વર્ણવ્યું.
ફરીને રાસ રચ્યો, પુરણ પ્રિત શું;
અબળાની આશા પુરી, એવી રસ રીતશું,
પાયો રસ પ્રેમ પ્રીતે, વાલે વૃજ નારીને;
માટે અમે મોહી રહ્યાં, નંદ કુમારને;
અમારો રસીયો વાલો, વસી હૃદયે રહ્યા;
એવા હરી અમને ગમ્યા, તેતો તમને કહ્યા.

સાખી.

ઓધવ પાસે અમ તણો, કહ્યો તમને નેહ;

મનસા વાચા કર્મણા, નંદનંદ શું નેહ.
તેતો જરા ન ઉતરે, ચઢયો ચોળનો રંગ;
તેણુ બાણુ શ્રી કૃસ્નનાં, બેધાં અંગોઅંગ.

વિશ્રામ.

ઓધવ એવા હરી, કહો કેમ વિસરે;
જીવન જોયા વિના, પ્રાણ તો નીસરે.
વિયોગે રોગ તણી, પીડા બહુ થાયછે;
પ્રભુ વિના એક કૈક જુગ જાયછે.
ઓધવ સંગ તમારે, દુઃખ દીધુ ઘણું;
પહેલાં અમો પ્રીછ્યા નહીં, પ્રભુનુ કોમળપણું.
ઘણી ઘણી ઘાત એણે, અમ સાથે કરી;
હવે મથુરાં જાઈ બેઠા, શીરછત્ર ધરી.
અમે આહીર એવા, મંન ગમ્યાં નહીં;
ગાજતા ગોકુલ ન આવે, એવું મનમાં સહી,
પંહી કાળી કામળી ઓઢી, દુઃખ પામ્યાં હરી;
હવે હરી હેતે વશા, ધરી સુખીયા થયા.
કામળીયો શીદને આવે, રીસે હૃદયે હરી;
બાજીને રજભા બીજા; વાલુ કોણ વસે.

એના માત તાત માટે, તમને મોકલ્યાં;
અમારા કોણ સંભારે, ગુણ જુંડા ભણા.
પહેલી બહુ પ્રીત કરી, દ્વાર ન મુકતા;
હવે તો હેત ઉતાર્યું, ફાટરી નથી થુંકતા-
હવે એક મધુ કર આવ્યો, ચતરા ચરણે નમ્યો;
તેને તીરસ્કાર કર્યો, એલી શાને ભમ્યો.
તારી વન વેલ ફુલી, મન વ્યાકુલ ફર્યે;
કાળા હોય કુડે ભરયા, તેનો સંગ કોણ કરે.
કાળાનો સંગ કર્યો, દુખ પામ્યા ઘણું.
કાળાનુ વિખ ન વલે, કારણ કારા તણું.
અમને અવધ કરી કૃશ્ન મથુરાં ગયાં;
મનમાં મેર ન આવી, દીન ઘણા થયા,
ઓધવજી એટલું કહેજો, અમારી વિનતી;
ઘણી ઘણી અરજ કરી, વળી અમારી વતી.
તમારૂં રૂપ જોવા, નેણુ તલખી રહયાં,
જીભ્યા એજ અગાધ, ઘણું ઘેલાં થયાં.
શ્રવણુ સુવાસવદ, ઘણું ઘણું ચાય છે;
હસ્ત હરી સેવા કરવા, અતિ અકળાય છે,

તન મન સોપ્યા તમને, રહયાં પણ રોપીને;
હરી વિના અવર બીજું, ગમે નહી ગોપીને.

સાખી

તમ વિના ગમે નહીં, ગોપીને ગોવિંદ;
ભાવ કરીને ભેટીએ, ઉપજે મન આનંદ.
મોર મુગટ મસ્તક ધર્યે, કુંડલ વન ઊરમાળ;
અમને દરશન દીજીએ, નટવર રૂપ રસાળ.

વિશ્રામ.

એક સમે રજની ઘણી, નંદ નાવા ગયા;
વરૂણના જન હતા, તેણે ગાઢા ગ્રહયા,
કેડે શ્રીકૃસ્ન ગયા, છોડાવ્યા નંદને;
વરૂણે પ્રેમે પ્રિતે, પુજ્યા ગોવિંદને.
નંદજીએ નજરે દીઠું, હવે પુજું હરી;
પુત્રનો એ પ્રભુ પોવ, વાત નિસ્ચે કરી,
અહીંઓથી ઉઠયા જ્યારે બારણે આવીઆ;
મોહને માયા પેરી, ભાવ ભુલી ગયા.
એવાં અપાર ચરિત્ર, અમો દીઠાં સહુ;
મારે પ્રીત અચલ એથું ટાળી તે ટળે નહી.

ગોપિની પ્રેમ કથા, ઓધવે સાંભળી;
જરા અભિમાન હતું, તેતો ગયે ટળી.
અહો મહા ભાગ્ય ગોપિ, પરમ કીપા હરી;
ધન્ય ધીરજ તમારૂ, સરવે સુંદરી.
તારૂણી ટેક તમારી, સરવથી સાર છે;
સુંદર સ્વરૂપ સાથે નેહ નિરધાર છે.
ઓધવ કહે અબળા તમો, ઘણું ગુણવંત છો;
પ્રિત પ્રવિણ પુરાં, સહું સાવધાન છો.
પ્રેમ કટાક્ષે કરી, વશ કર્યા નાથને;
સદા છે પ્રસન્ન હરી, સહુ વ્રજ સાથને.
કૃતાર્થ રૂપ થયો, ગોકુલ આવતાં;
અલોકિક લાભ હુવો, તમ દરશાન થતાં.
વૃક્ષ વેસહું રસ રૂપ છો;
કારણ કોઈ ન જાણે, કૃશ્ન સ્વરૂપ છો.
આગ્ના આપો, સરવે સુંદરી;
મધુપુર જાવા માટે, મન ઇચ્છા થઈ.
પછી વૃજ નારી વદે, ઓધવ આવજો;
એકવાર અલબેલાને, તેડીને લાવજો.

પછી નંદ જશોદાજીને કરજોડીને કહ્યું;

વ્રજ રજ ઓધવ વંદે, નંદે નિજ દેહને;
ધન્ય ધન્ય દ્રુમ વેલી, દીપા ઘણી તેહને.
ગોપીની ચરણે રેણુ. ઉડી લાગી અંગને;
તેણુ કીરતાર્થ કહીએ, પામ્યા સતસંગને.
ઓધવે શીશ નમાવ્યુ, ગોકુલ ગામને;
પછી પોતે પંથે પળ્યા હૃદયે રંગ થાય છે;
વસોધા વ્રજની જોતાં, આનંદે જાય છે;
ઓધવજી ઉલટ ભર્યા, મધુપુર આવીઆં;
જઈ હરી ચરણે નમ્યા, ભીતર ભાવીઆં.
ગોપીની પ્રેમ કથા સહું માંડી કહી;
ધન્ય ધન્ય જુવતી જન, રસમાં છકી રહી.
અસુર પડયા અતિ શોકમાં, સુખ પામ્યા સહુ સંત
પ્રગટ પુરણ બ્રહ્મ છે, ભકત વત્સલ ભગવંત.
ભુમી ભાર ઉતારવા, દુષ્ટ તણે શીર કાળ;
સુખદાયક સદા સંતને પ્રભુ પૂરણ પ્રેમ દયાળ.

વિશ્રામ.

ઓધવે આજ્ઞા માગી, ઉડયા આનંદમાં;

જાઇ નિજ રથે બેઠા, મન ગોવિંદમાં.
આધવને અબળા સહુ કરે આવિનતી;
વાલાજીને વિનય કરી. કહેજો ઘણી વિનંતી.
વિવેક જ્ઞાન તમો, ઘણું ગુણુવંત છો;
તમારો મહીમા મોટા, શીરોમણી સંત છો.
તમારાં દરશન થકી, દુક્રીત સહું ટળે;
તમારી ક્રીપા જેને, કૃસ્ન તેને મળે.
ઓધવ કહે અબળા તમો, આનંદ રૂપ છો;
ત્રિલોકમાં તારૂણી તમો, પરમ અનુપ છો.
હવે હરી મળવા માટે, મન ચંચળ થયુ.
પછી જસોદાજી બોલ્યાં, ઓધવ સાંભળો;
બહુ દીવસથી દીઠા નથી, શંકર પણુ સામળો
માટે મન ઇચ્છા એવી, ક્રષ્ન કેવા હશે;
જુંગલ સુત જોશું જ્યારે, સુખ ત્યારે થશે.
એક વાર માટી ખાતાં, મુખમાં ન્યાળીયુ;
ત્રણે ત્યાં ભુવન દીઠાં, અચરજ ભાળિયુ.
ઇશ રવી ચંદ્ર તારા અજ ઉમીયા પતિ;
નવે ખંડ મુખમાં ન્યાળ્યા, એવી એની ગતિ.

પછી પ્રણામ કરી, ઓધવ ઓચરે;
તમારાં ભાગ્ય ભલાં સહુકીરતી કરે.
જશ ગયો જુગમાં ફેલી, ચતુર દશ લોકમાં;
ભક્ત આનંદ પામ્યા, પાપી પડ્યા શોકમાં.

સાખી.

જશ વ્રજ જુવતી કેરો, જીહ્યાએ શું કહું;
મંદ મતી મારી માટે, મહીમા નવ લહું.
એવી કૃપા કરશો ક્યારે, મુજ પર નાથજી;
અખંડ એ કીરતી, સદા તમ સાથજી.
કૃશ્ન વિના નજરે ન આવે. એવી દશા એમની;
સમોવડ કોણ કરે, સીમા રસ પ્રેમની;

સાખી,

સમોવડ કોણ કરે, એહની, એવી વૃજની નારી;
એક ટેક શ્રીક્રસ્ન સાથે, પ્રેમ પ્રીત અમારી.
હરી વીયોગે શરીર સુકે; પુષ્ટ થાય હરી જોઇને
ઓધવ કહે દરશન તેને દીજીએ, રહયાં ચરણ કમળ
ચિત્ત પરોઇને.—

વિશ્રામ.

પછી શ્રી કૃસ્ન કહે, યથારથ જાણજો;
ઓધવજી વચન મારાં, સત્ય પ્રમાણજો.
મારૂં નિજ રૂપ તેતો, વંદ્રાવનમાં ફરે;
વ્રજ મન વીહાર લીલા, નિત્ય નવલી કરે,
વંદ્રાવન અખંડ ભુમી, અખંડ એ રાસછે,
અખંડ અબળા સહુ, અખંડ વિલાસછે.
સદા સુંખ સાગર શોભા. તેતો વંદ્રાવનમાં;
નિત્ય નિત્ય ખેલ કરૂં. અતિ આનંદમાં.
ગોપિ વન મારે વિષે, ગોપિ વન અમે રહ્યા;
ઓધવની બ્રાંતી ભાગી ઉતર કરને કહ્યા,
એવી શ્રી કૃસ્ન લીલા; જે જન સાંભળે;
અનિન ભક્તી આવે, સંદેહ તેના ટળે.
જ્યારે હરી ભકતી આવે, પ્રગટે મહા દશા;
ત્યારે શ્રી કૃસ્ન કેવળ, તેને હૃદયે વશ્યા.
વસે હરી હૃદે તેને ગોપી પ્રસાદથી;
કરજોડી પ્રીતમ કહે ગુર સંવાદથી.
હરીની અપાર લીલા, અગમ અગાધ અતિ;

પ્રેમ થયો પીવા તણો, ગુરૂ પ્રતાપથી.
હરી ગુરૂ સંત તણી, શુભ ત્રીપારથે કરી;
સ્નેહ સરસ ગીતા, આનંદે ઉચરી,
ઠાકોર કૂંજ બીહારી, પ્રસિદ્ધ પ્રકાશ છે;
સંદેહ સરમાંહી સદા, આનંદ વિલાસછે,
તેને ચરણે હરી કથા, કહીછે પ્રીતશું.
સાધુને સંગે મળી. ગાઈ રસ રીતશું.
સંવત અઢાર શીખે વિશીછે વિસ્નુની;
એકત્રીશ અષાડ શુદે, લીલા કઇ કૃસ્નની.
તત્રિયા ચંદ્ર વારે, કથા પૂરી થઇ;
પ્રેમીની પ્રીત અતી, ગીતારસ ગુણમઇ.
પતિતને પાવન કરે, એવા ગુણ ગામછે;
ચોપાઈસેં ચાર નવ, વીશ વિશ્રામ છે.
શીખે ગાય સાંભળે ગાવે, ભાગ્યઓ તેહીકહનાં,
તેના હરી કીરપા કરે, ટળે દૂખ તેહનાં,
હરી ગુણ ગાતાં હેતશું ઉધારયો અધમ અનેક;
પ્રીતમ પલક ન છોડીયે, હરી કીરતનની ટેક,
તીલક છાપ તુલશી કંઠે, મુખ ગોવિંદ ગુણ.

પ્રીતમ પ્રાની પતિત હોય, પ્રેમ પુનિત તે

ઇતીશ્રી સરસ ગીતા સંપૂરણ.

ગરબી.

એક ગુંજ અનુપ દાખુંરે સજની સાન સહી;
કાંઈ તુજથી અંતર નવ રાખુરે સજની.
સતગુરૂ તે પુરણ બ્રહમરે સજની.
કોઇ વિરલા તે જાણે ભમને
સતગુરૂ તે સાચુ ધામરે
ગુરૂ થકી અધીક નહી રામરે
એમ મોરમાં સઉ કરીયાણુ રે
ગુરૂ ભજનમાં સાધન સમાણું રે
ગુરૂ તજીને સમરે મોરારરે.
તેતો પડે નરક મોઝારરે
પુચી સમ ચરચ્યાં અધિકરે
સતગુરૂ તે ઠાકજ ટીકરે
મેંતો વરીયા સતગૂરૂ ભાણુરે
હવે ગડગડીઆં નીશાણુરે
તમમનનો મટયો ત્રાસરે

શુરૂપદમાં સમા રવિ વાસરે
આજ સાહેલીનું સહીયું
તા સજની ભરથાર;
તોકે સુંતકે મીત્રકું
ક્યુ ન ભજત ગેમાર
નર મૂખસે લેવત નહીં,
અહો રીપું પતિ નામ;
શંકર સુતકી ભારજા,
કૈસે કાનસે ગામ.

समाप्त